ટોલટેક્ષ મુદ્દે ધમાલ

પ્રાંતિજના કતપુર ટોલનાકા પર મોંડી રાત્રે સુપરવાઈઝર સહિત સ્ટાફ ઉપર હુમલો

સુપરવાઈઝરનું માથું ફોડી નાખ્યું, હુમલાની ઘટના સી.સી.ટીવી કેમેરામાં કેદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮ નેશનલ હાઈવે નં.૮ ઉપર પ્રાંતિજના કતપુર ટોલનાકા પર ગુરૂવારે રાત્રે ટોલટેક્ષ મુદ્દે ધમાલ થયા પછી હુમલાખોરોએ સુપરવાઈઝરનું માથું ફોડી નાખતાં લોહી નિતરતી હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે અન્ય સ્ટાફને પણ ઈજાઓ પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

બનાવના ૨૦ કલાક પછી પણ પોલીસ દફતરે કોઈ ગુનો નોંધાયો નથી પરંતુ હુમલાની ઘટના સી.સી.ટીવી કેમેરામાં કેદ થતાં આરોપીઓની ઓળખ આસાન બની ગઈ છે. ટોલટેક્ષ મુદ્દે ફરી એકવાર કતપુર ટોલનાકું વિવાદમાં આવ્યું છે.

ટોલટેક્ષ મુદ્દે અનેકવાર કતપુર ટોલનાકા ઉપર અથડામણો થયેલી છે. પરંતુ કાયમી ઉકેલ લાવવાના બદલે તંત્ર પણ ટોલનાકા ઉપર હુમલા થાય તેવી માનસિકતામાં કાયમી ઉકેલ આવતો નથી. પ્રાપ્ત જાણકારી અનુસાર ગત રોજ ટોલનાકા ઉપર ટેક્ષ નહીં ભરવા મુદ્દે સુપરવાઈઝર તેમજ અન્ય લોકોને સામસામે બોલાચાલી થઈ અને ત્યાર પછી મામલો બિચકતાં હુમલાખોરોએ લાકડીઓ અને પાઈપ વડે સુપરવાઈઝર તેમજ સ્ટાફ ઉપર તૂટી પડી દંગલ મચાવી ભયનો માહોલ ઉભો કર્યો હતો. પ્રાંતિજ ટોલનાકા ઉપર હુમલાની ઘટનાની વિગતો બહાર આવતાં આસપાસના ગામમાંથી અનેક લોકો દોડી આવ્યા હતા. જાણવા મળ્યા મુજબ સુપરવાઈઝરને માથાના ભાગે ૧૫ થી વધુ ટાંકા લેવાની ફરજ પડી છે.

સફેદ કારમાં આવેલા પાંચ તોફાનીઓ સી.સી.ટીવી કેમેરામાં દેખાયા

પ્રાપ્ત જાણકારી અનુસાર કતપુર ટોલનાકા ઉપર ટેક્ષ ભરવા મુદ્દે બબાલ થયા પછી સુપરવાઈઝર સહિત સ્ટાફ ઉપર લાકડીઓ અને પાઈપો વડે હુમલો થયો હતો જેમાં સુપરવાઈઝરને ગંભીર ઈજા પહોંચી છે. હુમલાની તમામ ઘટના સી.સી.ટીવી કેમેરામાં કેદ થયેલી છે જેમાં સફેદ કારમાં આવેલા ૫ ઈસમોએ લાકડીઓ હાથમાં ધારણ કરી, દોડી આવી હુમલો કર્યાનું જોવા મળ્યું છે.

કોરોનામાં સરકારની છબી સુધારતા સ્ટાફને અન્યાયનો હથોડો

રાજ્યની ગ્રાન્ટેડ હોસ્પિટલના ૬૫૦ કર્મચારીઓ છેલ્લા ૫ વર્ષથી ૭માં પગારપંચથી વંચિત : મોડાસા, વાત્રક, લક્ષ્મીપુરા, બાલાસિનોરની હોસ્પિટલના કર્મચારીઓ ન છૂટકે આંદોલનનો માર્ગ અપનાવશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ગુજરાત રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલના ૬૫૦ કર્મચારીઓને વર્ષ-૨૦૧૬માં ૭ માં પગારપંચનો લાભ આપવાનો સૈદ્ધાંતિક સ્વીકાર પછી પણ ગુજરાત સરકાર દ્વારા આજદિન સુધી લાભ ન અપાતાં મોડાસા સાર્વજનિક હોસ્પિટલ, વાત્રકની શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ હોસ્પિટલ, ખેડબ્રહ્માના લક્ષ્મીપુરાની શેઠ કે. એલ. હોસ્પિટલ, બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ, નાનાચિલોડા હોસ્પિટલ સહિત રાજ્યની ૬ ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલોના કર્મચારીઓ ૭ માં પગારપંચનો જૂનના અંત સુધીમાં લાભ નહીં મળે તો આંદોલનનો માર્ગ અપનાવવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. કોરોનાના કપરા કાળમાં ખાનગી હોસ્પિટલોમાંના અનેક દર્દીઓને કડવા અનુભવ થયા ત્યારે ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલોએ જ કોવિડની સારી કામગીરીમાં સરકારને મદદ કરી હતી અને કર્મચારીઓ પણ ખડેપગે કોરોના વોરિયર્સ તરીકે કામગીરી બજાવી રહ્યા છે ત્યારે રાજ્યની ભાજપ સરકાર દ્વારા કર્મચારીઓને તેમના હક્કનો ૭ માં પગારપંચનો લાભ આપવો જોઈએ તેવો સાર્વત્રિક સૂર સામે આવ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યની ભાજપ સરકારે તા.૧૬ ઑગષ્ટ-૨૦૧૬ના ઠરાવથી રાજ્યની ગ્રાન્ટેડ હોસ્પિટલોના કર્મચારીઓને ૭ માં પગારપંચનો લાભ આપવાનું ઠરાવથી સૈદ્ધાંતિક રીતે સ્વીકાર કરેલ હતું પરંતુ કોઈપણ કારણોસર એક પછી એક એમ ૫ વર્ષ સુધી કર્મચારીઓને લાભ આપવાની વાત ઠેબે ચઢતી રહી જેના કારણે ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલોના તબીબી અધિકારી વર્ગ-૧, ૨, ફાર્માસીસ્ટ, લેબટેકનિશીયન, એક્સ-રે ટેકનિશીયન, નર્સિંગ સ્ટાફ તેમજ વર્ગ-૪ ના કર્મચારીઓને કોરોનાના કપરા કાળમાં અને વધતી મોંઘવારીમાં અન્યાય થઈ રહ્યો છે. આ અંગે સરકારમાં વારંવાર રજૂઆત છતાં પણ કોઈ ઉકેલ આવતો નથી. એક રીતે રાજ્ય સરકારે ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલોના સ્ટાફ સાથે છેલ્લા ૫ વર્ષથી અન્યાય કર્યાની લાગણી કર્મચારીઓના પરિવારોમાં જોવા મળી રહી છે. તબક્કાવાર લોકપ્રતિનિધિઓ તેમજ યુનિયન મારફતે સરકાર અને આરોગ્ય વિભાગમાં રજૂઆત છતાં પણ પરિણામ મળ્યું નથી. જેથી સતત ૫ વર્ષથી ૭ માં પગારપંચના લાભ મુદ્દે અન્યાય થતાં ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલોના યુનિયન દ્વારા રાજ્ય સરકારને પત્ર મોકલીને આખરી અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. હક્કનું ૭ માં પગારપંચનો લાભ આપો અન્યથા ન છૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો પ્રારંભ કરવામાં આવશે.

ધારાસભ્ય દ્વારા રજૂઆત છતાં પણ પરિણામ મળ્યું નથી..

જાણીતા સૂત્રોમાંથી મળેલી વિગતો અનુસાર ગ્રાન્ટેડ હોસ્પિટલોના કર્મચારીઓને છેલ્લા ૫ વર્ષથી ૭ માં પગારપંચનો લાભ ન મળતાં હોસ્પિટલ ફેડરેશનના પ્રમુખ દ્વારા સરકાર તેમજ વિભાગના મંત્રી અને સચિવોને પણ રજૂઆત થઈ હતી અને ત્યારબાદ અમદાવાદ રાણીપના ધારાસભ્ય મારફતે રજૂઆત છતાં પણ પરિણામ મળ્યું નથી. અરવલ્લી જિલ્લાની ગ્રાન્ટેડ હોસ્પિટલોના કર્મચારીઓ દ્વારા સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડને પણ આ મુદ્દે રજૂઆત થયાનું સૂત્રોએ જણાવ્યું છે.

વાવાઝોડા ઈફેક્ટ : જિલ્લામાં શાકભાજીની આવક ઘટી, ભાવમાં તેજીલો ઉછાળો

વાવાઝોડાના કારણે શાકભાજીની આવક ઘટી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮ વાવાઝોડા અને ભારે વરસાદે પ્રજાનાં ખિસ્સાં પણ હળવાં કર્યાં છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા સપ્તાહથી આવક ઘટી છે જેના કારણે ભાવમાં તેજીલો ઉછાળો જોવા મળ્યો. વાવાઝોડાએ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રમાં પણ વિપરીત અસર ઉભી કરી હતી જેની સીધી અસર શાકભાજીની આવક ઉપર દેખાઈ.

શાકભાજીનો ઉપયોગ કોરોના પછી વધી રહ્યો છે. કેટલાય લોકોએ ન્યુટ્રીશીયનની સલાહ લઈ કયાં શાકભાજી બાફીને ખાવાં, કાચાં શાકભાજીનો ઉપયોગ કરવો, તળીને ઉપયોગ કરવો તેની જાણકારી મેળવ્યા પછી દૂધી, કાકડી, ટામેટાં, લીંબુ, ફુલાવર, કોબિઝ, બીટ અને ગવાર શાકભાજીની માંગમાં ઉછાળો આવ્યો છે તેની સરખામણીએ બટાકા શાકભાજીની માંગ સામાન્ય જણાઈ રહી છે. પરંતુ ગત સપ્તાહે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત તેમજ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ વાવાઝોડાએ કેટલાક વિસ્તારોમાં તબાહી સર્જી દીધી. રાજ્યના કેટલાક વિસ્તારોમાં ખેડૂતો ફરીથી ક્યારે ઉભા થશે તેવો વિનાશ વાવાઝોડાએ નોંતર્યો છે તેમ છતાં ખેડુતો ક્યારેય પણ હિંમત હારતા નથી અને ફરીથી બેઠા થવાના પ્રયાસ શરૂ થયા છે પરંતુ વાવાઝોડાના કારણે શાકભાજીનો મોટાભાગનો પાક સફાયો થઈ જતાં બજારમાં તેની અછત જોવા મળી રહી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના મંડી બજારમાં પણ આવક ઘટી છે. પરંતુ આવક ઘટ્યા પછી પણ એકાએક ભાવમાં ઉછાળો આવ્યો છે એકંદરે વાવાઝોડા પછી શાકભાજીના ભાવમાં સરેરાશ ૧૦ થી ૧૮ ટકા જેટલો ભાવ વધારો થયાનું જાણવા મળ્યું છે.

પ્રાંતિજના પીલુદા પાસેથી પાર્ક કરેલ ટ્રેકટરની ચોરી થતા પોલીસ ફરિયાદ

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પીલુદા ગામની સીમમાંથી રોડ ઉપર સાઈડમા પાર્ક કરેલ ટ્રેકટર કોઈ અજાણ્યા શખ્સો દ્વારા ચોરી કરી લઈ જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા ટ્રેકટર માલિક દ્વારા અજાણ્યા ટ્રેકટર ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી.

પ્રાંતિજના પીલુદા ગામની સીમમા આવેલ કુવાવાળા ખેતરમા રોડ ઉપર રોડની સાઈડમા ઝાડની નીચે કુબી ભરેલ ટોલી સાથે મુકેલ મહેન્દ્રા કંપનીનુ ટ્રેકટર જેનો નંબર-GJ9AF7316ને ટોલીમાંથી છુટુ પાડી ટ્રેકટર જેની કિંમત-૨,૫૦,૦૦૦ કોઈ અજાણ્યા ચોર ચોરી કરી લઈ જતા આજુબાજુ સહિત તપાસ કરી કોઈ જગ્યાએ નહી મળી આવતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા મિતેષકુમાર ચીમનભાઈ પટેલ ઉ.વર્ષ-૩૬ ધધો ખેતી રહે.સાંપડ તા.પ્રાંતિજ જી. સાબરકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરતા અજાણ્યા ટ્રેકટર ચોર વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગદર્શનની ઉણપ : સાબરકાંઠા, અરવલ્લીમાં ૭૦૦ ગ્રામ પંચાયતોની કરોડોની ગ્રાન્ટ વપરાયા વગરની

૧૫મા નાણાંપંચની ગ્રાન્ટના ઉપયોગ અંગે માર્ગદર્શન ન મળતાં ગુંચવાળો, અનેક પંચાયતોની હાલત કથળી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

સરકાર દ્વારા ગ્રામ પંચાયતોના વિકાસ માટે દર વર્ષે નાણાંપંચની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. કોરોનાના કપરા કાળમાં છેલ્લા ૨ વર્ષથી વિકાસના કામ ઠપ્પ થઈ ગયા છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭૩૦ ગ્રામ પંચાયતોની ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટ માર્ગદર્શનના અભાવે વપરાયા વગરની પડી રહી છે. જ્યારે અધિકારીઓ માટે તો દોડવું હતું ને ઢાળ મળ્યા જેવી સ્થિતિ છે. પરંતુ નાણાંપંચની ગ્રાન્ટોના આધારે વિકાસકામોનું આયોજન કરતી ગ્રામ પંચાયતોના સરપંચો અને સભ્યોને વિકાસના વાયદા કર્યા પછી કામ ન થતાં મતદારોના ગુસ્સાથી સાવધ રહેવું પડે તેવી સ્થિતિ પેદા થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાની બીજી લહેરમાં એકમાત્ર આરોગ્ય તંત્રની સારી અને ખરાબ કામગીરી સતત ચર્ચામાં રહી. વિકાસથી રહી અનેક બાબતો કોરાણે મૂકાઈ હતી. જો કે હવે કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે એટલે ઠપ્પ થયેલા વિકાસના કામો ઝડપથી આગળ વધવા જોઈએ. ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટ વાપરવા માટે ગ્રામ પંચાયતોને તેમજ જિલ્લા વહીવટી તંત્રને સરકાર દ્વારા કોઈ સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવ્યું નથી જેના કારણે સાબરકાંઠા, અરવલ્લીના ૧૪ તાલુકાની ૭૩૦ ગ્રામ પંચાયતોમાં ગ્રાન્ટ મુદ્દે કકળાટ શરૂ થયો છે. સરપંચો સાથે તંત્ર દ્વારા માર્ગદર્શન નહીં આપવા માટે કોરોનાની મહામારીનું મુખ્ય હથિયાર મળી ગયું છે પરંતુ અહીંયાં તો અનેક ગ્રામ પંચાયતોમાં વિકાસના કામો ઠેબે ચઢતાં સરપંચો ઉપર અને તેમની વિકાસશીલ સભ્યોની ટીમ ઉપર રીતસરનાં માછલાં ધોવાયાં છે. જાણવા મળ્યા મુજબ ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટ ફાળવણીમાં ટાઈડ ગ્રાન્ટ અને અન્ય જોગવાઈઓ અંગે તાલુકા-જિલ્લા કક્ષાએથી સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં નહીં આવતાં મૂંઝવણ સતત વધી રહી છે.

કયા પ્રકારની ગ્રાન્ટનો ટાઈડ ગ્રાન્ટમાંથી વાપરી શકાય અને વિકાસના કામો હાથ ધરવા તેની કોઈ સ્પષ્ટતા નથી. જ્યારે સરકારના પંચાયત વિભાગના પરીપત્ર કરી દેવામાં આવ્યા પરંતુ તંત્રએ સરપંચોને બરાબરના ભીડાવવા માટે કોરોના મહામારીમાં માર્ગદર્શન આપવું મુનાસીફ ન માન્યું અને સ્થિતિ એ થઈ કે ૧૫મા નાણાંપંચની જિલ્લાની ગ્રામ પંચાયતોની કરોડોની ગ્રાન્ટ એમની એમ વપરાયા વગર રહી છે.

ઓછા વેરા વસુલાતાં અનેક ગ્રામ પંચાયતોને ગ્રાન્ટમાં મોટો ફટકો..

છેલ્લા ૧૪ મહિનાથી કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું જેના કારણે ગ્રામ પંચાયતો અને પાલિકા વિસ્તારોમાં ઓછી વેરા વસુલાત આવી જેના કારણે સરકાર દ્વારા જે ગ્રાન્ટ ફળવાય છે તે વેરા વસુલાતની ટકાવારી પ્રમાણે આપવામાં આવે છે તે જોતાં અનેક ગ્રામ પંચાયતોને ઓછી ગ્રાન્ટ ફળવાશે આ સંજોગોમાં સરકાર અને તેના પંચાયત વિભાગે વર્તમાન પરિસ્થિતિને યોગ્ય રીતે ધ્યાને લેવી રહી.

કરૂણાંતિકા : બાયડ તાલુકાના વસાદરામાં કોરોનાથી પતિના મોત પછી પત્નિનું પણ મોત

આંજણા પાટીદાર સમાજમાં માતમ છવાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

બાયડ તાલુકાના વસાદરામાં કોરોનાથી પ્રેમલભાઈ વિઠ્ઠલભાઈ પટેલનું મોત નિપજ્યાના ૨૫ દિવસ પછી તેમનાં પત્નિ હીનાબેન પટેલનું પણ સારવાર દરમ્યાન મોત નિપજતાં પતિ-પત્નિના મોતથી અરવલ્લી જિલ્લા આંજણા પાટીદાર સમાજમાં માતમ છવાયો છે. કોરોનાની બીજી લહેરમાં બાયડ તાલુકામાં આ સાથે બિનસત્તાવાર મૃત્યુ આંક ૬૫ થી વધુ હોવાનું જાણવા મળ્યું છે.

કોરોનાએ અનેક પરિવારોને બરબાદ કરી દીધા છે. તો કેટલાક પરિવારોના ઘરનાં બારણાં બંધ થઈ જાય તેવી સ્થિતિ લાવી દીધી છે. સતત વધી રહેલા સંક્રમણમાં ખાસ કરીને બીજી લહેરમાં યુવાઓના વધુ સંખ્યામાં મોત નિપજ્યા છે. અગાઉ વિદેશમાં વસવાટ કરતા વસાદરાના પ્રેમલભાઈ પટેલ અને તેમના પત્નિએ ૫-૬ મહિના અગાઉ માદરે વતન જવાનો નિર્ણય લીધો અને વતનમાં આવ્યા પરંતુ બંન્નેને કોરોનાનું સંક્રમણ થતાં મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા જેમાં મે. મહિનાના પ્રથમ સપ્તાહમાં કોરોનાના કારણે પ્રેમલભાઈ પટેલનું મોત નિપજ્યું હતું. પત્નિ હીનાબેનને પણ કોરોનાના કારણે સ્થિતિ વધુ ક્રિટીકલ બનતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ગત રોજ મોત નિપજતાં પટેલ પરિવાર ઉપર આભ ફાટ્યા જેવી સ્થિતિ છે. કોણ કોને સાંત્વના આપે તેવા ભારેખમ દ્રશ્યો જોવા મળ્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

પ્રાથમિક શિક્ષકો માટે કોરોના કાળ બન્યો : ધનસુરાના પ્રાથમિક શિક્ષિકાનું મોત, ગામમાં શોક છવાયો

અરવલ્લી જિલ્લાના ૧૨ શિક્ષકોની કોરોનામાં જીંદગી હોમાઈ

બાયડ તા.૨૮

કોરોનાએ ડૉક્ટરો પછી પ્રા. અને માધ્યમિક શિક્ષકોનો જિલ્લામાં સૌથી વધુ ભોગ લીધો છે. ધનસુરાના અને વડોદરા જિલ્લાની ટીંબરવા પ્રા.શાળામાં ફરજ બજાવતા પારૂલબેન ધર્મેન્દ્રભાઈ (લાભુ) પટેલનું કોરોનાથી સારવાર દરમ્યાન મોત નિપજતાં ધનસુરા ગામ અને આંજણા પાટીદાર સમાજમાં શોક છવાયો છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાના કારણે ૧૨ શિક્ષકોની જીંદગી હોમાઈ ગઈ છે. જ્યારે હજુ પણ જિલ્લાના ૧૩૦ થી વધુ પ્રા.શિક્ષકો કોરોનાથી સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે.

કોરોનાની બીજી લહેર ધારણા કરતાં વધુ જીવલેણ સાબિત થઈ. મોડાસા, ધનસુરા, બાયડ, ભિલોડામાં કોરોનાની સારવાર કરતી સરકારી અને ખાનગી કોવિડ હોસ્પિટલો સતત દોઢ મહિના સુધી દર્દીઓથી ઉભરાતી રહી અને અસંખ્ય દર્દીઓને દિવસો..ના..દિવસો સુધી બેડ અને ઓક્સિજન ન મળવાના કારણે કેટલાકના મોત નિપજ્યા હતા. અરવલ્લી જિલ્લામાં પ્રા.શિક્ષકો માટે કોરોના ઘાતક બન્યો છે. અગાઉ માલપુર, બાયડ, મોડાસા, ભિલોડાના પ્રા.શિક્ષકો અને હાઈસ્કુલોના શિક્ષકોના મોત નિપજ્યા હતા. ત્યારબાદ ધનસુરા તાલુકામાં પણ કોરોનાનો કહેર ફરી વળ્યો છે. ધનસુરાના ધર્મેન્દ્ર નરસિંહભાઈ પટેલ અને તેમના પ્રા.શિક્ષિકા પત્નિ પારૂલબેનને કોરોના થતાં તાબડતોબ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. ધર્મેન્દ્ર પટેલે કોરોનાને હરાવ્યો પરંતુ તેમનાં પત્નિની તબિયત વધુ લથળતાં સારવાર દરમ્યાન અમદાવાદ સિવિલમાં જ મોત નિપજ્યું હતું.